

## 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ'માંથી શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર

(૧૪)

કલકત્તા
૧-૨-૫૪

**ધર્મસ્નેહી... સોનગઢ, ધર્મસ્નેહ.**

આશા છે કે, કાલે મુક્તિદૂત 'શ્રી સદ્‌ગુરુદેવ' તેમ જ મુમુક્ષુગણ રાજકોટ સકુશળ પહોંચી ગયા હશે, લોકમાં અલૌકિક ક્રાંતિ ફેલાઈ રહી હશે.

આપનો પત્ર મળ્યો. માંગલિક વિહારના આદિ અને અંતસ્થાન – 'ગુરુદેવ'ની જન્મભૂમિ 'ઉમરાળા'નો ચિત્રિત અંક પણ મળ્યો. અહીં આ ભક્તિભાવ પૂર્ણ અંકને મુમુક્ષુઓની વચ્ચે વાંચવાનો શુભ યોગ પણ મળ્યો. બધાએ હૃદયથી રસાસ્વાદન કર્યું.

રહી રહીને વિકલ્પ થતો રહે છે કે ઓછામાં ઓછા એક-બે વર્ષ નિરંતર અલૌકિક સત્પુરુષના સહવાસમાં રહેવાનું બને, પરંતુ હજી એવું પ્રારબ્ધ દેખાતું નથી. વિહારમાં જૂનાગઢ વગેરેનો યોગ કદાચ નથી.

મને વ્યાવહારિક અનુકૂળતા રહ્યા કરે એવી આપની સદ્‌ભાવનાઓને હું સારી પેઠે સમજું છું, કારણ કે આ વખતે આપની અધિક નજીક રહી ચૂક્યો છું અને આપના પ્રત્યે મારા વિકલ્પો એના સાક્ષી થતા રહે છે. આમ છતાં એવી ભાવનાઓનો મુખ્ય દૃષ્ટિ સ્વીકાર કરતી નથી, સહેજ જ નિષેધ વર્તતો જાય છે. ભાવના એક સમયની અને એ જ સમયે હું તેનાથી અધિક. (ભાવના) સ્વાભાવિક ન હોવાથી એક-બીજાને આશ્રિત વિચિત્રતા ધારણ કરતી રાગ-દ્વેષમાં પરિણત થઈ જાય અગર વીતરાગતામાં એવો સ્વભાવ છે; રાગ પણ નિત્ય નથી રહેતો.

અહો ! વિકલ્પ વિનાનો કોરો (એકલો) આનંદ જ આનંદ. ત્રૈકાલિક ફુગ્ગાને પૂરેપૂરો ફુલાવ્યા વિના (વિકસિત કર્યા વિના) હવે એક ક્ષણ પણ ચેન પડતું નથી. ધ્યાનસ્થ અવસ્થામાં બેઠો-બેઠો અગાધ જ્ઞાનસમુદ્ર અને તેમાં સહજ કેલિ (ક્રીડા) એવો અનુભવ જાણે 'હું જ હું છું' એવા આનંદના ઘૂંટડા લેતો રહું છું. અરેરે વૃત્તિ ! આનંદથી ચ્યુત થવા લાગી, પરંતુ વાહ રે પુરુષાર્થ ! તેં સાથ આપીને ઉગ્રતાનો સંકલ્પ કર્યો, જાણે અગાધનો તાગ, સદા માટે એક વારમાં જ પૂરો લઈ લઈશ. પ્રદેશ પ્રદેશ વ્યક્ત કરી દેશે, સહજ આનંદથી એક ક્ષણ પણ હઠવા નહીં દે, પરતું અરે યોગ્યતા ! તેં પૂર્ણતાના સંકલ્પને સાથ ન આપતાં અંતે ચ્યુત કરાવી જ દીધો, તો પછી તેનો દંડ પણ ભોગવવો પડશે. બહેનોની સદ્‌ભાવના જોઈને તેમની ઈચ્છાનુસાર પોતાની વ્યાવહારિક અનુકૂળતા વગેરેનું સમાધાન પણ કરવું પડશે. સંક્ષેપમાં વાત એ છે કે, આર્થિક સ્થિતિ પહેલાંથી સાધારણ રીતે સારી છે. સમય પર સોનગઢ પહોંચવા અહીંથી રવાના થવા માટે ટિકિટ વગેરેનો પ્રબંધ થઈ ગયો હતો. દિલ્હી વગેરે સ્થળે તાર પણ કરી દીધા હતા. અમારો અહીંનો મુનીમ એક હોંશિયાર વ્યક્તિ છે પરંતુ પૈસાના કામમાં કાચો છે. રવાના થવાની આગલી રાતે માલૂમ પડ્યું કે, ચાર પાંચ સ્થળેથી ઉઘરાણીની રકમ લઈને ગુપ્ત રીતે પોતાના કાર્યમાં તેણે ખરચી નાખી છે. સ્થિતિને કાબૂમાં કરવાનો વિકલ્પ થયો. રોકાઈ જવું પડ્યું. બીજો બંદોબસ્ત જલદી બરાબર બેઠો નહીં. મારી ગેરહાજરીમાં બધી રકમ સાફ ન થઈ જાય એવો વિકલ્પ ઊઠ્યો, ગૃહસ્થભૂમિકા છે; શિથિલ

**(અનુસંધાન પાના નં. ૭ પર...)**

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૫ : અંક–૨૪૩, વર્ષ–૨૨, ફેબ્રુઆરી–૨૦૧૮


## અષાઢ સુદ ૬, શુક્રવાર, તા.૨૪–૦૬–૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૪૬, પ્રવચન–૧૭

'યોગીન્દ્રદેવ' મુનિ, દિગંબર મુનિ થયા એમણે આ 'યોગસાર' બનાવ્યું. 'યોગસાર'નો અર્થ આત્માનો સ્વભાવ શુદ્ધ અને આનંદ છે, એમાં એકાગ્રતાનું થવું એનું નામ યોગ કહેવાય છે. એમાં સાર એટલે નિશ્ચય સ્વભાવની સ્થિરતા (થાય) એને યોગસાર કહે છે. ૪૫ ગાથા થઈ ગઈ છે.

૪૬. **'ધર્મ રસાયણ પીવાથી અમર થવાય છે.'** ધર્મરૂપી ઔષધ પીવાથી અમર થવાય છે. આ ગાથામાં એમ કહે છે.

**जइ जर-मरण-करालियउ तो जिय धम्म करेहि।**
**धम्म-रसायणु पियहि तुहूँ जिम अजरामर होहि।।४६।।**

**'હે જીવ! જો તું જરા અને મરણના દુઃખોથી ભયભીત છો...'** જરા, મરણ અને દુનિયાના સંયોગનું દુઃખ. એવા દુઃખથી જો તું ભયભીત હો, ચોરાશીના અવતારથી (ભયભીત હો) **'तो धम्म करेहि'**. **'ધર્મ કર.'** એ ધર્મ કર એટલે ધર્મ શું? એ આવે છે અંદર. થોડો અર્થ કર્યો છે. **'ધર્મી તેને જ કહે છે કે જે સંસારમાં દુઃખોથી ઉગારીને મોક્ષના પરમપદમાં ટકાવી રાખે. તે ધર્મ રત્નત્રય સ્વરૂપ છે.'** ઝીણી વાત છે.

ભગવાનઆત્મા સચ્ચિદાનંદ આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. એવા આત્માની અંતરમાં સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા (થાય) એને અહીંયાં ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'કર ધર્મોષધિ પાન.'** એમ છે ને? **'તું ધર્મ રસાયણનું પાન કર.'** ધર્મરૂપી ઔષધિ પણ રસાયણ એટલે ઉત્તમ ઔષધિ. **'જેથી તું અજર અમર થઈ જઈશ.'** જેથી તું અજર અને અમર થઈશ. જરા અને મરણ રહિત થઈશ. પણ ધર્મ એટલે શું?

પહેલું એમ કહ્યું છે કે, મનુષ્યને આ જન્મ, જરા, મરણના દુઃખ પહેલા ભાસવા જોઈએ. સમજાણું? **'જરા, મરણના ભયાનક દુઃખો છે. જ્યારે વૃદ્ધાવસ્થા આવે છે, ત્યારે શરીર શિથિલ થઈ જાય છે. પોતાના શરીરની સેવા સ્વયં કરવાને અસમર્થ બની જાય છે, ઇન્દ્રિયોની શક્તિ ઘટી જાય છે, આંખનું તેજ ક્ષીણ થઈ જાય છે.'** વગેરે.

મુમુક્ષુ : બધું અનુકૂળ હોય ત્યારે!

ઉત્તર : અનુકૂળ નથી, ધૂળમાંય અનુકૂળ નથી. અનુકૂળ કે દિ' હતું? બહારના ઇન્દ્રિય મારા અને પદ આદિ અનુકૂળ, અહીં તો કહે છે કે, પ્રતિકૂળ હો કે અનુકૂળ, એ બાહ્ય સામગ્રીની રુચિ છોડી દે. સમજાણું અહીં?

અહીં તો તને ચાર ગતિમાં રખડવાનો ભય લાગ્યો હોય તો ધર્મ ઔષધિનું પાન કર, એમ કહે

છે. જેમ બહારના રોગને મટાડવાને ઔષધ છે, એમ જન્મ, જરા, મરણના રોગને મટાડવા માટે આત્મામાં ઔષધ છે. આત્માની પાસે છે. આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ અનાકુળ આનંદસ્વરૂપ છે, એનો અંતરમાં અનુભવ કરવો. આત્માના આનંદસ્વરૂપને અનુસરીને અંતરમાં એની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતારૂપ અનુભવ કરવો એ જન્મ, જરા, મરણને નાશ કરવાનો એ ઔષધિ–ઉપાય છે. આ એક ઔષધ છે. કહો, સમજાણું કાંઈ? લોકોએ બીજા ઔષધ ગોત્યા કે, ભઈ! આ રોગ ઉપર આ ઔષધ. પણ જન્મ-મરણનું ઔષધ ગોત્યું કોઈએ? હેં?



મુમુક્ષુ : વીતરાગદેવે આપ્યું.

ઉત્તર : વીતરાગ સર્વજ્ઞદેવ પણ કહે છે, એ જ કહે છે. બધા રોગોની દવા (શોધી). આ રોગ ઉપર આ દવા ને આ રોગ ઉપર આ દવા, પણ આ ચોરાશી લાખના જન્મ, જરા, મરણમાં રખડે છે એની દવા કોઈએ ગોતી? એ આ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ ત્રણકાળ ત્રણલોકના જાણનાર, વીતરાગ કહે છે કે, એને માટે ધર્મ રસાયણ ઔષધ છે. ધર્મરૂપી ઉત્તમ રસાયણ છે. એ ધર્મ કોને કહેવો? સમજાણું કાંઈ? જુઓ! નીચે છે.

**'રત્નત્રયના ભાવથી જ નવા કર્મોનો સંવર થાય છે અને પુરાણા કર્મોની અવિપાક નિર્જરા થાય છે.'** એ ધર્મ રત્નત્રયસ્વરૂપ છે. દેહની ક્રિયા એ ધર્મ નથી, આત્મામાં કોઈ દયા, દાન, વ્રતના ભાવ થાય એ પણ ધર્મ નથી. સમજાણું કાંઈ? આત્મા શુદ્ધ આનંદકંદ છે એનો અંતરમાં અનુભવ કરવો, આત્મા પવિત્ર અનંત ગુણનું ધામ આત્મા છે, એમાં વિકાર જેટલો દેખાય છે એ આત્મા નથી, એવા આત્મામાં અંતર્મુખ થઈને આનંદની શાંતિનો અનુભવ કરવો એ જ એક જન્મ, જરા, મરણને મટાડવાનું ઔષધ છે. કહો, સમજાણું કાંઈ?

**'રત્નત્રય નિશ્ચયથી એક આત્મિક શુદ્ધભાવ છે,...'** રત્નત્રય (છે એ) મોક્ષને લેવા માટે ત્રણ રત્ન છે. એ ત્રણ રત્ન એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર. એ સમ્યગ્દર્શન એટલે આત્મા પૂર્ણાનંદ છે એની અંતર્મુખ થઈને નિર્વિકલ્પ શ્રદ્ધા થવી એને સમ્યગ્દર્શન કહે છે. રાગના અવલંબન વિના ચૈતન્યબ્રહ્મ ભગવાનઆત્મા, એની અંતર અભેદ નિર્વિકલ્પ પ્રતીતિ થવી એને સમ્યગ્દર્શનરૂપી જન્મ, જરા, મરણને ટાળવાનું ઔષધ કહે છે. એ આત્માનું જ્ઞાન કે, આ પરમાનંદમૂર્તિ આત્મા છે. એવા આત્માનું જ્ઞાન, આત્માનું જ્ઞાન, બીજી ચીજનું નહિ, એ જન્મ, જરા, મરણ રોગને મટાડવાનું ઔષધ–એક મહાઉપાય છે. અને પછી સ્વરૂપમાં ઠરવું. જે આત્મા શુદ્ધ આનંદકંદ જે શ્રદ્ધા–જ્ઞાનમાં લીધો હોય એમાં અંતરમાં ઠરવું, રમવું, જમવું, આનંદનો વિશેષ અનુભવ કરવો, એનું નામ ચારિત્ર કહેવાય છે. કહો, સમજાણું આમાં? એ ધર્મ–ઔષધ પણ શુદ્ધભાવ છે.

**'આત્મતલ્લીનતા છે,...'** અનાદિની પુણ્ય-પાપના વિકારી ભાવની તલ્લીનતા (છે) એ જન્મ-મરણના રોગને ઉત્પન્ન કરવાનું કારણ છે. આત્મામાં પરલક્ષી થતાં શુભાશુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભ(ભાવ) અને હિંસા, જૂઠું આદિ

અશુભ(ભાવ), એમાં લીનતા એ જન્મ, જરા, મરણને વધારવાનો એ રોગ છે. જન્મ, જરા, મરણને મટાડવાનું ઔષધ, એ ચૈતન્ય ભગવાનઆત્મા પરમાનંદની મૂર્તિમાં લીનતા, એમાં એકાગ્રતા (કરવી તે છે). પહેલો આત્મા ઓળખે, ઓળખીને શ્રદ્ધે, જાણે પછી એમાં લીનતા કરે. એ લીનતા એ આત્મિકભાવ છે.

આત્મલીનતા છે એ '**સ્વસંવેદન છે,...**' સમજાણું કાંઈ? લ્યો! ગુરુથી મળે એવું નથી એમ કહે છે. સ્વસંવેદન થયું ત્યારે ગુરુથી મળ્યું એમ કહેવામાં આવ્યું. સ્વસંવેદન આત્મા જ્ઞાનાનંદ પ્રભુઆત્મા છે, અનાદિઅનંત સચ્ચિદાનંદ સ્વરૂપ છે. આ દેહ તો માટી જડ છે, વાણી જડ છે, કર્મ જડ છે, પુણ્ય-પાપના ભાવ થાય છે તે વિકાર ને દોષ ને દુઃખ છે. એનાથી રહિત આત્માનો સ્વભાવ, એનું પોતાનું સ્વસંવેદન (અર્થાત્) જ્ઞાન જ્ઞાનથી જ્ઞાનને જાણે, જ્ઞાન જ્ઞાનથી આત્માને જાણે, જ્ઞાન જ્ઞાનથી આત્માને વેદે, જ્ઞાન જ્ઞાનથી આત્મામાં ઠરે, એ સ્વસંવેદન એ જ એક જન્મ, જરા, મરણને ટાળવાનો ઉપાય-રસાયણ છે. કહો, સમજાય છે કાંઈ?

'**સ્વાનુભવ છે,...**' અનુભવ છે. ભગવાનઆત્મા અનાદિનો પુણ્ય અને પાપ, શુભાશુભ રાગનો અનુભવ કરે છે એ અનુભવ તો પરવિકારનો (અનુભવ છે), એ તો ચાર ગતિના રખડવાના મૂળિયાં છે. ભગવાનઆત્મા, એનો જે અનુભવ એ જ મોક્ષનું કારણ છે અને રોગ, જન્મ, જરા, મરણને ટાળવાનું એક રસાયણ છે. રસાયણ એટલે ઉત્તમ ઔષધિ. કહો, સમજાણું કાંઈ? ડૉક્ટર ને વૈદ્ય નથી આપતા? ઉત્તમ રસાયણ કે ભસ્મ કે આપે ને કાંઈ? પડિકી. હેં? એ ઊંચી કિંમતી હોય છે. આ પણ ઊંચી કિંમતી રસાયણ કહે છે. ઔષધમાં પણ ઊંચી (ઔષધને) રસાયણ કહે છે.

મુમુક્ષુ : કિંમતીમાં માત્રા વધારે રહેતી હશે.

ઉત્તર : માત્રા એમાં વધારે છે. સમજવા માટે. રોગ તો એની મેળાએ મટે છે. સમજાણું કાંઈ? આ તો દાખલો છે. દાખલામાંથી કંઈ આખો સિદ્ધાંત નીકળે નહિ, અંશ નીકળે.

જેમ એ રસાયણ રોગને ટાળવાનું કારણ છે, એમ ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, એનો અંતરમાં એકાકાર થઈ અનુભવ, શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કરવી એ એક જ જન્મ, જરા, મરણને ટાળવાનું રસાયણ છે, એ એક જ ઔષધ છે. 'શ્રીમદ્'માં આવે છે ને? 'શ્રીમદ્'માં. 'આત્મસિદ્ધિ'માં. 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ, ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.' કહો? સમજાણું કાંઈ? આત્મા રાગમાં, પુણ્યમાં, શરીરમાં, પરમાં છે એ માન્યતા મોટો ભ્રમ છે.

પુરુષાર્થ... કાલે આવ્યું હતું ને? બધા વકીલને મૂર્ખ ઠરાવ્યા હતા. પણ એવું લખાણ લખ્યું હતું, માળાએ ગપ્પાગપ માર્યા હતા. આહાહા..! બધા વકીલ મૂર્ખ હોય એમ નહિ. વકીલ કર્તાપણે થાય તો મૂર્ખ હોય. કહો, સમજાણું કાંઈ? એ તો એવું લખ્યું છે કે મૂરખના જામ જેવું લખ્યું છે. માણસ પુરુષાર્થથી મોટા મોટા વાઘને વશ કરે. આમ પાણી ઉપર મોટા આગબોટ ચલાવે. જેમ છોકરો ખેલ ખેલે એમા પાણીમાં ચલાવે, એટલો પુરુષાર્થ! આત્મા પરનું કરી શકતો હશે? ધૂળમાંય કરે નહિ ત્યાં. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે, ભાઈ! તારો પુરુષાર્થ કાં તો વિકારમાં ચાલે અને કાં પુરુષાર્થ સ્વભાવમાં ચાલે. પરમાં જરીયે તારો પુરુષાર્થ કામ કરે નહિ. આહાહા..! ધૂળમાંય કરે નહિ. એક આંખની પાંપણ ફેરવી શકે છે? આમ થઈ જાય છે. ધૂળમાંય લેતો નથી કાંઈ. બધું બહુ લીધું છે માળાએ. વિજળી આકાશમાંથી પકડીને પાણીમાં ઊતારી, આમ કર્યું... વિજળી કંઈ આકાશમાંથી પકડી હશે? આ વિજળી.. વિજળી હોય છે ને?

ઈ જુદી. ઈ ઊતારેલી નથી. આ તો પંખા ચલાવ્યા, પાણીને બહાર કાઢવા આ વિજળી એમ કહે છે. ઈ તો ખબર છે, એની ક્યાં વાત છે?

ધૂળેય કરે નહિ.

આત્મા કરે શું? પોતાની સત્તામાં વિકાર કરે અને કાં આત્માનો અનુભવ કરીને મુક્તિ કરે. બાકી પરનું ફોતરું ફેરવી શકે નહિ. આહાહા..! મોટા માંધાતા.. ઓલો નહોતો એક મોટો? 'રામો.. રામો' કહેતા હતા ને? 'ગામા'! એવું એનું મોટું શરીર લઠ જેવું. આખા હિન્દુસ્તાનમાં શું આખા દેશમાં મોટો જોદ્ધો કહેવાતો. ઈ મરવા ટાણે એં...એં.. (થઈ ગયો). માખી બેસે તો હાથ (ઊંચકી શકે નહિ). આ તો જડ છે, જડમાં આત્મા શું કરી શકે? આત્મા કાં દીનતા કરે અને કાં ઉગ્રતા પુરુષાર્થ કરે, ઊંધો કે સવળો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ : પણ શરીર સારું હોય તો...

ઉત્તર : ધૂળમાં સારું શરીર. કહેવું કોને શરીર? આ તો માટી છે. શરીર તો માટી છે. એ નિરોગતા હોય તો એની દશા, રોગતા હોય તો એની દશા. આત્માને એને લઈને કંઈ અટકે છે એ વાતમાં માલ જરીયે નથી. શરીરમાં રોગ (હોય) એ જડમાં છે, એમાં આત્માને શું આવ્યું? કહો, સમજાણું કાંઈ?

અહીં તો 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ'. આત્મા શુદ્ધ આનંદકંદ છે એમ ન માનતા, એને રાગવાળો ને શરીરવાળો ને પરવાળો માનવો એવો એક મહારોગ મિથ્યાત્વનો એને લાગ્યો છે. આહાહા..! 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ'. એને શું રોગ છે એ બતાવનારા જ્ઞાની છે. સુજાણ પણ, હોં! બરાબર જાણનારા. સમ્યગ્જ્ઞાનીની વાત છે. અને એની આજ્ઞા છે કે, આ પ્રમાણે ન માનવું. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને ન માનવા, એ પથ્ય છે. 'ઔષધ વિચાર ધ્યાન.' અને એનું ઔષધ વિચાર અને ધ્યાન (છે). કહો! વિચાર અને ધ્યાન એના ઔષધ છે. કહો, સમજાણું કાંઈ?

જુઓ! '**જ્યાં પોતાના જ આત્માના શુદ્ધ સ્વભાવનું શ્રદ્ધાન છે, જ્ઞાન છે અને તેમાં જ સ્થિરતા છે, એને જ આત્મદર્શન કહે છે.**' એને આત્મદર્શન કહે છે. ભગવાનઆત્મા પરસન્મુખની ઉપયોગ દશાને ફેરવી અને પોતાના સ્વભાવના અંતરમાં ઉપયોગ દશાને જોડે. 'યોગસાર' છે ને? એને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કહે છે. 'એ જ એક ધર્મરસાયણ છે.' લ્યો! કેટલું ગુજરાતી શીખીને આવ્યા? સમજાય છે? જવાબ દીધો. કહો, સમજાય છે કાંઈ? એક ધર્મરસાયણ જે '**અમૃતરસનું પાન છે. જેનું પાન કરવાથી સ્વાધીનપણે પરમાનંદની પ્રાપ્તિ થાય છે.**' આહાહા..! પણ એને સૂઝ પડતી નથી. આ પોતે ભગવાન પાસે (છે). સમજાણું કાંઈ?

અને '**શુદ્ધોપયોગ જ ધર્મ છે.**' નીચે શબ્દ છે. શું કહ્યું? આત્મામાં હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, વાસના, કામ, ક્રોધ એ પાપ પરિણામ એ અશુભભાવ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપ આદિ શુભભાવ છે, પુણ્યભાવ છે એ ધર્મ નહિ. ધર્મ તો આત્મામાં એ શુભ અને અશુભભાવથી ખસી અંતર આત્માના આનંદમાં શુદ્ધભાવ પ્રગટ કરવો, પુણ્ય-પાપના ભાવ રહિત, એવા શુદ્ધભાવને ભગવાન ધર્મ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**કષાયના ઉદય સહિત શુભોપયોગ ધર્મ નથી.**' જુઓ! એમાં તો એનું બરાબર ઠીક લાગે છે. નિમિત્તનું આવે ત્યારે જરી લાકડું ફરી જાય છે. કષાયનો ઉદય. શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો વિકલ્પ ઊઠે છે એ તો રાગ છે, એ ધર્મ નથી. આહાહા..! એ તો શુભઉપયોગ છે, પુણ્યબંધનું કારણ છે. શુદ્ધઉપયોગ-રાગરહિત આત્માની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, આત્માનો શુદ્ધ વેપાર તેને અહીંયાં શુદ્ધયોગ કહેવામાં આવે છે, એને અહીંયાં ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પછી (લીધું છે), અશુભથી બચવા શુભ કરવું પડે છે '**પણ તેને બંધનું કારણ માનવું જોઈએ. મોક્ષનો ઉપાય એક માત્ર સ્વાનુભવરૂપ શુદ્ધોપયોગ છે.**' એના વિના કોઈ મોક્ષનો ઉપાય એક્કેય નથી. કહો, સમજાણું કાંઈ?

'બૃહત્ સામાયિક'નો દાખલો આપ્યો છે. '**હવે તું શુદ્ધ આત્મજ્ઞાન પામીને તે વિષયકષાયોનો**

**પૂર્ણપણે નાશ કરી નાખ. વિદ્વાનો અવસર મળતાં શત્રુઓને માર્યા વિના છોડતા નથી.**' હે આત્મા! તને અવસર અત્યારે મનુષ્યદેહમાં અવસર મળ્યો છે. આત્માનું ભાન કરી, અવસર-ટાણું આવ્યું (છે), એ વિકારરૂપી શત્રુને નાશ કરવાનો તારો કાળ છે. આહાહા..! અરે...! ચોરાશીના અવતારમાં રઝળતાં માણસપણું મળ્યું, એમાં આ વિકારરૂપી શત્રુઓને નાશ કરવાના તારા ટાણાં છે અને વિદ્વાન ટાણાંને ઓળખીને શત્રુને હણી નાખે છે. અત્યારે આપણો અવસર છે. સમજાણું કાંઈ? પછી ધર્મ રસાયણની વાત કરી છે.

---

**'દ્રવ્યદષ્ટિ પ્રકાશ'માંથી શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર**

યોગ્યતાનો વિજય થયો, રોકાઈ જવું પડ્યું. બસ, એટલી જ વાત છે. આથી લખવું ઠીક સમજતો નહોતો અને બીજાં કારણોએ પણ રોકાઈ જવામાં સહાયતા કરી.

વિહારના અને રાજકોટના 'મહારાજશ્રી'ના કોઈ વિશેષ ઉદ્‌ગાર લખજો અને કોઈ મહત્ત્વપૂર્ણ ઘટના હોય તો લખશો.

આપ સૌને સહજાનંદની પ્રાપ્તિ હો એ જ ઈચ્છા છે.

**ધર્મસ્નેહી**
**નિહાલચન્દ્ર**

તા. ક.

આપે લખ્યું કે, શાંતિથી પત્ર લખવાની ફુરસદ નથી શું ? અત્યારે શાંતિ છે એ બતાવવા માટે પત્ર સમાપ્ત કર્યા પછી પણ લખવાનો વિકલ્પ થયો છે.

પર્યાય એક તરફથી પ્રવેશ કરતી માલૂમ પડે છે, બીજી તરફથી રમતી હોય એમ નજરે પડે છે અને ત્રીજી તરફથી ઊઘડતી હોય એમ દેખાય છે. વસ્તુ વિચિત્ર છે !

દીવાની જ્વાળા ઓલવાય તેના આગલા સમયે અધિક પ્રકાશિત થાય છે તેમ સહજાનંદથી ચ્યુત થનારો પુરુષાર્થ નિર્બળ થવાના આગલા સમયે અધિક ઉગ્ર હોય છે. દ્રવ્ય તો સહજ પુરુષાર્થનો પિંડ છે, તેની દૃષ્ટિમાં સહજ જ ચ્યુતિ નથી થતી.

'જીવનના પરિણમનની અતિ વિચિત્રતા દેખો રે જ્ઞાની !'

---

## આગામી પ્રકાશન

પંડિત શ્રી દીપચંદજી કાસલીવાલ દ્વારા રચિત આધ્યાત્મિક ગ્રંથ 'આત્માવલોકન' તથા 'ચિદ્‌વિલાસ' પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા થયેલ ભાવવાહી અર્થગંભીર પ્રવચનોના પુસ્તકો ઈ.સ. ૨૦૧૮માં પ્રકાશિત કરવાની ભાવના છે. આમાં આત્માવલોકન ગ્રંથ પર થયેલા પ્રવચનોના પાંચ ભાગ થવાની ધારણા છે તથા ચિદ્‌વિલાસ ગ્રંથ પર થયેલા પ્રવચનોના બે ભાગ થવાની સંભાવના છે.



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા**
**પરમાગમસાર ગ્રંથના**
**બોલ–૯૪૧ ઉપર થયેલ ભાવવાહી**
**પ્રવચન, તા. ૮–૦૬–૧૯૮૫,**
**પ્રવચન નં. ૫૫૭**
**(વિષય : વિધિ)**

**કેવળજ્ઞાનની પર્યાયને પણ ન જો, પહેલી અવસ્થા શુદ્ધ ન હતી ને પછી શુદ્ધ થઈ એવા ભેદને ન જો. ગુપ્ત ને પ્રગટ અવસ્થા ભેદ એટલે કે દ્રવ્ય ને પર્યાયના ભેદને ન જો. એક સમયનો વિકાર હોવા છતાં શક્તિ એવી ને એવી છે. ને અવસ્થા પ્રગટ થઈ ત્યારે શક્તિ એવી ને એવી છે. આવી શ્રદ્ધા સુખનું મૂળ છે. ૯૪૧.**

૯૪૧. વચ્ચે અનુભવ પ્રકાશનો એક બોલ છે. પછી પાછા સાતમા અધિકારનો બોલ ચાલુ થાય છે. ૯૪૨થી. વચ્ચે આ એક બોલ અનુભવ પ્રકાશનો છે. '**કેવળજ્ઞાનની પર્યાયને પણ ન જો,...**' દૃષ્ટિ ક્યાં કરવી એમ કહે છે. દૃષ્ટિનો વિષય કેવળજ્ઞાનની પર્યાય પણ નથી. જીવને જેની દૃષ્ટિ છે, જીવને જ્ઞાનમાં તેની જ મુખ્યતા છે. જેની જ્ઞાનમાં મુખ્યતા થાય તેને જીવ જોવે છે. અને જેની મુખ્યતા નથી તે જોવાતું હોવા છતાં, જ્ઞાનમાં જણાતું હોવા છતાં ગૌણ એટલું થાય છે કે નહિ જણાવા બરાબર રહે છે. જાણ્યું–ન જાણ્યું કરી નાખે છે. જ્ઞાનની ગૌણતા શું કરે છે? કે જાણ્યું ન જાણ્યું કરી નાખે છે. સાંભળ્યું ન સાંભળ્યું કરી નાખે છે.

અહીંયાં એમ કહે છે કે '**કેવળજ્ઞાનની પર્યાયને પણ ન જો,...**' અત્યારે તો ઉત્પન્ન નથી પણ ભવિષ્યમાં જે ઉત્પન્ન થવાની, જેની ભાવના તને વર્તે છે; પૂર્ણ પર્યાય છે ને? એની ભાવના ઉત્પન્ન થાય છે, તોપણ કહે છે કે એ દૃષ્ટિ દેવા લાયક પદ નથી. એ પર્યાયનું પદ છે એ દૃષ્ટિ દેવા લાયક નથી. તે પણ પર્યાય અપેક્ષાએ પરમપદ હોવા છતાં પારિણામિકભાવની અપેક્ષાએ અપરમપદ છે. પરમપદ નથી. કેમકે તેનાથી અનંત ગુણ છે, શુદ્ધાત્મ પદ છે તે તેનાથી અનંત ગુણ છે. એક ગુણ નહિ પણ અનંત ગુણ છે. એટલે દૃષ્ટિ ત્યાં દેવા લાયક છે.

'**કેવળજ્ઞાનની પર્યાયને પણ ન જો,...**' વળી કહે છે કે એમ પણ ન જો કે '**પહેલી અવસ્થા શુદ્ધ ન હતી ને પછી શુદ્ધ થઈ એવા ભેદને ન જો.**' એ નીચી દૃષ્ટિનો વિષય થાય છે કે પહેલા તો અમે વેપાર ધંધો બહુ મોટા પ્રમાણમાં કરતાં, ઘણાં પાપ કરતાં, હવે એ બધું છોડી દીધું છે. એમ તો ન જો પણ પહેલી અવસ્થા આવી શુદ્ધ હતી અને હવે અત્યારે શુદ્ધ થઈ એમ પણ ન જો, એમ કહે છે. અવસ્થા દૃષ્ટિનો નિષેધ છે અહીંયાં. પર્યાયદૃષ્ટિનો નિષેધ છે.

'**ગુપ્ત ને પ્રગટ અવસ્થા ભેદ એટલે કે દ્રવ્ય ને પર્યાયના ભેદને ન જો.**' દ્રવ્ય–પર્યાયનું જ્ઞાન તો શાસ્ત્ર દ્વારા આપ કરાવો છો. વાણી દ્વારા દ્રવ્ય પર્યાયનું જ્ઞાન કરાવો છો, હવે કહો છો કે દ્રવ્ય પર્યાયને ન જો. હા. ઓળખવા માટે ભલે તને એ બધું કહ્યું હોય. તું ઓળખતો નહોતો એટલે દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદ પાડી

પાડીને તને વસ્તુ ઓળખાવી, વસ્તુની કિંમત કરાવી તને અમે. પણ હવે અનુભવ કરાવવો છે. એ અનુભવ કરાવવા અર્થે તને એમ કહીએ છીએ કે જે તને સમજાયું છે એ સમજાયું છે ભેદપૂર્વક. એ ભેદમાં ઊભા રહેવાની હવે મનાઈ કરીએ છીએ. એ ભેદમાં પણ ઊભા રહેવાનું નથી.

પરિણામ અનુભવમાં કેવા પ્રકારે કામ કરે છે એનો અહીંયાં સંકેત છે. કેમ કે એ વિષય કથનની અંદર વર્ણનમાં લાવવો એ સર્વથા વક્તવ્ય નથી. માત્ર કથંચિત્ વક્તવ્ય છે, જેનો અહીંયાં સંકેત કરવામાં આવે છે. અનુભવ કરનાર જીવ દ્રવ્ય પર્યાયના ભેદને જોતો નથી. જ્યાં સુધી દ્રવ્યના ભેદને કે પર્યાયના ભેદને લક્ષમાં રાખે છે ત્યાં સુધી એ ભેદના લક્ષમાં ઊભેલો અનુભવને પ્રાપ્ત કરી શકતો નથી, ભેદના અનુભવમાં રહે છે. અભેદ વસ્તુનો એને અનુભવ થતો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ભેદ પાડે છે ને? આમાં આટલું ઘી વાપર્યું હતું. ચાર ગણું ઘી પાયુ હતું આ મેસુબને. એવો એ જો વિચાર કરવા રોકાય તો એને એનો અનુભવ કરવામાં ખલેલ પહોંચે. એનો આનંદ એ માણી શકે નહિ. હીરાનો હાર ખરીદતી વખતે જેટલા વિકલ્પો કર્યા હોય એટલા વિકલ્પો જો પહેરવા ટાણે કરે તો પહેરવાનો આનંદ એને આવે નહિ. એમ મીઠાઈ બનાવતી વખતે કે જે ખરીદતી વખતે જેટલા વિકલ્પ કર્યા હોય એટલા ખાતી વખતે કરે તો એનો ખાવાનો આનંદ ન રહે. આ તો આ દૃષ્ટાંતોમાં સમજાય છે.

તેમ ઓળખવા ટાણે ભલે સત્શાસ્ત્રથી ગમે તે પ્રકારે ભેદથી વાતો આવી છે તોપણ અનુભવમાં એ ભેદને જોવાના નથી. શુદ્ધતા-અશુદ્ધતા, શુભ-અશુભ તો એક બાજુ મૂકો, પણ શુદ્ધતા-અશુદ્ધતાના ભેદ અને દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ વિલીન થઈ જાય ત્યાર પછી અનુભવ થવાનો વારો છે અભેદ અનુભવ થવાનો. કેમ કે અનુભવ નિર્વિકલ્પ છે અને આ ભેદનો આશ્રય વિકલ્પનો ઉત્પાદક છે. બેને મેળ નથી. ઊલટું-સુલટું છે.

તેથી એમ કહે છે કે શુદ્ધ અને અશુદ્ધ અવસ્થા ભેદ છે એને પણ ન જો. એ બનારસીદાસે ગાયું છે. 'સમલ વિમલ ન વિચારીએ યહી સિદ્ધિ નહિ ઓર.' સમલપણું એટલે અશુદ્ધતા અને વિમલપણું એટલે શુદ્ધતા. 'એક જાનીએ એક દેખીએ રમી રહીએ એક ઠોર.' એક એટલે અભેદ તત્ત્વને જાણું છું. અભેદ તત્ત્વને દેખું છું. એકને જ દેખું છું જેમાં બેનો ભેદ નથી. અને એમાં જ સ્થિર રહું છું. રમી રહું છું. 'એક જાનીએ એક દેખીએ રમી રહીએ એક ઠોર, સમલ વિમલ ન વિચારીએ યહી સિદ્ધિ નહિ ઓર.' જ્યાં સમલતા, વિમલતાનો પણ વિચાર નથી તે જ સિદ્ધિ છે. બીજી કોઈ સિદ્ધિ નથી. આમ કીધું નાટક સમયસારમાં.

નિયમસારમાં એવો એક કળશ લીધો છે. શુદ્ધતા અને અશુદ્ધતાની વિકલ્પના, શુદ્ધ અને અશુદ્ધની વિકલ્પના હંમેશા મિથ્યાદૃષ્ટિઓને હોય છે. એમ કરીને વાત લીધી છે. નિયમસારમાં ૭૨ કળશ છે. ૪૯ ગાથા શરૂ કરતા પહેલા. શુદ્ધભાવ અધિકારમાં છે. ૭૨ નંબરનો કળશ છે. '**શુદ્ધ-અશુદ્ધ જે વિકલ્પના તે મિથ્યાદૃષ્ટિને હંમેશા હોય છે; સમ્યગ્દૃષ્ટિને તો હંમેશા (એવી માન્યતા હોય છે કે) કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બન્ને શુદ્ધ છે.**' દ્રવ્યથી અને પર્યાયથી બન્નેની શુદ્ધતા એને છે. કેમ કે અશુદ્ધ અંશને એ પોતાના સ્વસ્વામીપણે સ્વીકારતો નથી. તેથી પોતાને દ્રવ્ય-ગુણ-પર્યાયથી શુદ્ધ જોવે છે. અહીં તો કારણપર્યાય લે છે ને? મુખ્યપણે કારણપર્યાય લે છે. દ્રવ્યને ત્યાં પૂરું કર્યું છે. દ્રવ્ય, ગુણ અને એની કારણપર્યાયમાં દ્રવ્ય પૂરું થઈ ગયું.

'**કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બન્ને શુદ્ધ છે. આ રીતે...**' અહીંયાં લીધું છે. '**આ રીતે પરમાગમના અતુલ અર્થને...**' આ પરમાગમનો તોળી ન શકાય એવો ભાવ છે-આશય છે. એવા અતુલ અર્થને '**સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે...**' ક્યાં હિત છે અને ક્યાં અહિત છે? એવો વિચાર કરવાવાળી સુંદર બુદ્ધિ વડે '**જે સમ્યગ્દૃષ્ટિ સ્વયં જાણે છે,...**' આવું જે સમ્યગ્દૃષ્ટિ જાણે છે '**તેને અમે વંદન કરીએ છીએ.**' મુનિરાજ આમ કહે છે. તેને અમે વંદન કરીએ છીએ. મૂળ શ્લોકમાં આ વાત છે. '**वन्दामहे**' એક વચનનું. '**वन्दामहे तं वयम्**' અમે વંદન કરીએ છીએ. આવા

શબ્દો વાપર્યા છે આ વાત કહેતા.

શુદ્ધ અને અશુદ્ધના ભેદને ઉડાવનાર જે સમ્યગ્દૃષ્ટિ પરમાગમના અતુલ અર્થને પોતાની સુંદર બુદ્ધિ વડે સારાસારનો વિચાર કરીને જ્યાં અંદર અનુભવમાં જાય છે તો મુનિરાજ કહે છે કે અમે એને વંદન કરીએ છીએ. કેટલા સેંકડો વર્ષ પહેલા લખાયેલો શ્લોક છે. '**शुद्धाशुद्धविकल्पना भवति सा मिथ्यादृशिप्रत्यहं**' મિથ્યાદષ્ટિને શુદ્ધ-અશુદ્ધની વિકલ્પના છે. સમ્યગ્દૃષ્ટિ '**शुद्धं कारणकार्यतत्त्वयुगलं सम्यग्दृशि प्रत्यहम्**' સમ્યગ્દૃષ્ટિને તો કારણ કાર્ય બન્ને શુદ્ધ જ છે. '**इत्थं यः परमागमार्थमतुलं जानाति सद्दृक् स्वयं सारासारविचारचारुधिषणा**' સારાસારનો વિચાર કરનાર '**चारुधिषणा**' ચારુ એટલે સુંદર અને ધિ એટલે બુદ્ધિ. '**धिषणा**' એટલે એ બુદ્ધિને. એવા બુદ્ધિના ધારકને '**वन्दामहे तं वयम्**' અમે એને વંદન કરીએ છીએ આ શ્લોક લખતા મુનિરાજને આટલો ભાવ આવ્યો છે.

આવા સુદૃષ્ટિને, સમ્યગ્દૃષ્ટિને, '**सम्यग्दृशि प्रत्यहम्**' એને અમે વંદન કરીએ છીએ. ત્યાં સુધી લખે છે. ખરેખર એ વ્યક્તિનો વિષય નથી, એ ધર્મને વંદન કરે છે. ધર્મને વંદન કરતા હોવાથી તે ધર્મીને વંદન કરે છે. ધર્મીને જે વંદન કરે છે તે ધર્મને વંદન કરે છે અને ધર્મને વંદન કરે છે તે ધર્મીને વંદન કરે છે. અહીંયાં સીધો સંબંધ ધર્મ સાથે છે. એટલે જે ધર્મને વંદન કરતો નથી તે ધર્મીને વંદન કરતો નથી, જે ધર્મીને વંદન કરતો નથી તે ધર્મને વંદન કરતો નથી. આમ સામે સામું નીકળે છે.

મુમુક્ષુ :- મુનિરાજ પોતે તો સારાસાર બુદ્ધિમાં પ્રવર્તતા જ હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- પોતે તો પ્રવર્તે છે. સારી રીતે પ્રવર્તે છે. તોપણ એમને એટલું બહુમાન આવ્યું છે. ધર્મ પ્રત્યેનું એ બહુમાન છે.

મુમુક્ષુ :- પોતાથી નીચલી ભૂમિકાને કેમ વંદન કરે છે?

પૂજ્ય ભાઈશ્રી :- અહીં ક્યાં એ વ્યવહાર વંદન કરવા ક્યાં જાય છે? વંદન-નમસ્કાર કરવા જાય છે એમ નથી. પણ એ પોતાના ભાવમાં ભાવવંદન કરે છે. એ ધર્મને વંદન કરે છે. કેમ કે ધર્મ છે એ વંદનીય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને ધર્મ છે.

ભગવાનના જ્ઞાનમાં એમ આવે છે કે જે જીવ સમ્યક્ પ્રકારે કષાય ઉપર વિજય મેળવે છે તે જિન થયો. ક્યારે એને પ્રથમ જિન ગણ્યો? કે પાંચમી કરણલબ્ધિ થઈ ત્યારે. જે કરણલબ્ધિ સમ્યગ્દર્શન પહેલાની પૂર્વ પર્યાય છે. કે જે પર્યાય પૂર્ણ થતાં અનુત્તર પર્યાયે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ છે. વચ્ચે કોઈ પર્યાય નથી એક સમયની પણ. એવી જે કરણલબ્ધિના પરિણામ ધવલમાં આવે છે. કરણાનુયોગનો ગ્રંથ છે ને એટલે કરણના પરિણામના સૂક્ષ્મના સૂક્ષ્મ વિષયો એમણે લીધા છે, વીરસેન સ્વામીએ. તો ત્યાં એને જિન કહ્યો. આ જિન થયો છે. જિન તો તેરમે ગુણસ્થાને થાય છે. તો કહે છે, નહિ ભગવાન જિનેન્દ્ર એમ કહે છે કે આ જીવ જિન થયો. આવી વાત લીધી છે. એક જ શબ્દના કેટલા અર્થ કરવા? કે જ્યાં જે કહેવા માગે છે ત્યાં એ વાતને સમજવી જોઈએ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પ્રશ્ન શું છે એમાં?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ધર્મને જ જુએ છે. એ શુદ્ધ-અશુદ્ધના ભેદને અહીંયાં નહિ જોવાની તો વાત ચાલે છે. શુદ્ધ-અશુદ્ધના ભેદને નહિ જોવાની તો વાત ચાલે છે. અને એમ સમ્યગ્દૃષ્ટિઓ અમે તો જોતા નથી. કેમ કે અમે પણ સમ્યગ્દૃષ્ટિ છીએ એમ કહે છે. અને સમ્યગ્દૃષ્ટિઓ પણ જે છે એ જોતા નથી.

... એટલે બહુમાન આવ્યું છે. અરે..! શુભાશુભમાં તો જગત આખું અટક્યું છે. આ તો શુદ્ધતા-અશુદ્ધતાને જોતો નથી. જેની નજર પોતાના પરિપૂર્ણ પરમાત્મ તત્ત્વ ઉપર છે એ તો કારણતત્ત્વ અને કાર્યતત્ત્વને શુદ્ધ જોઈ લીધા છે એમણે. એને તો બન્ને શુદ્ધ જ છે. એ તો કહેવા ખાતર કહ્યું છે. એને ક્યાં શુદ્ધ-અશુદ્ધ જોવું છે? એમ કહે છે. આવું જે સમ્યક્ પ્રકારે સ્વદ્રવ્યનું અવલોકન કરે છે એને અમે વંદન કરીએ છીએ એમ કહે છે, બહુમાન

કરીએ છીએ.

આ ૪૮મી ગાથા પૂર્ણ કરતા આ શ્લોક કર્યો છે. અને એ ૪૮મી ગાથાનો એવો વિષય છે કે '**જેવી રીતે લોકાગ્રે સિદ્ધપરમેષ્ઠી...**' બિરાજમાન છે. અશરીરી. '**પાંચ શરીરના પ્રપંચના અભાવને લીધે અશરીરી છે.**' પ્રપંચ એટલે વિસ્તાર. અને જેઓ અવિનાશી છે. હવે કોઈ પર્યાય એમને બદલવાની નથી સિદ્ધ પર્યાયમાંથી. અને જે અતીન્દ્રિય છે. જેમને કોઈ ઇન્દ્રિય જ્ઞાનનો ઉપયોગ નથી. અને સકળ વિભાવોના અભાવને લીધે જે નિર્મળ થયા છે. અને ભાવકર્મોના અભાવને લીધે દ્રવ્યકર્મ, ભાવકર્મના અભાવને લીધે જે વિશુદ્ધાત્મા થયા છે. આ બધા સિદ્ધ ભગવાનના વિશેષણો વાપર્યા છે. એવા જે સિદ્ધ પરમેષ્ઠી તેવા જ સંસારી જીવો છે. જેવા સિદ્ધ પરમેષ્ઠી છે તેવા જ સંસારી જીવો છે એમ લેવું છે. આ ગાથાનો વિષય છે. તેવી જ રીતે સંસારમાં પણ આ સંસારી જીવો કોઈ નયના બળથી એવા જ છે. તો કહે છે, એ નયથી આવા છે અને આ નયથી આવા છે. શુદ્ધનયથી શુદ્ધ છે અને અશુદ્ધનયથી અશુદ્ધ છે. એ વાતને ઉડાવવા પછી કળશ મૂક્યો છે. બહુ દૃષ્ટિનું ઘણું જોર છે એમને. જ્ઞાનમાં ભેદ પાડ્યોને? કે કોઈ નયના બળથી આવા છે. એટલે પોતે ટીકા કરી છે. ગદ્યમાં ટીકા કરી છે પછી પદ રચ્યું છે આ તો. પણ ગાથામાં તો નય શબ્દ નથી. ગાથામાં તો

**અશરીર ને અવિનાશ છે, નિર્મળ, અતીંદ્રિય શુદ્ધ છે,**
**જ્યમ લોક-અગ્રે સિદ્ધ, તે રીત જાણ સૌ સંસારીને.**

'**तह जीवा संसिदी णेया**' આવા તું સંસારી જીવોને જાણ. ... સિદ્ધ છે, આ સંસારી છે કેમ જાણવા? તો ટીકામાં પોતે ખુલાસો કર્યો કે કોઈ નયના બળથી તું જાણ. શુદ્ધનયના બળથી તું એમ જાણ. હવે એ શુદ્ધનય અને અશુદ્ધનયનો ભાંગો ઉડાવવો છે એટલે એમ કહે છે કે એ શુદ્ધ-અશુદ્ધની વિકલ્પના મિથ્યાદૃષ્ટિઓ હંમેશા કર્યા કરે છે. સમ્યગ્દૃષ્ટિને સારાસાર વિચારવાવાળી સુંદર બુદ્ધિ વડે એ વિકલ્પના છે. એટલે એ તો એવા સમ્યગ્દૃષ્ટિ છે કે જે આત્માને સિદ્ધ સ્વરૂપે જ જાણી રહ્યા છે. અમે તો બધા આત્માને સિદ્ધપણે જ દેખીએ છીએ. આ મુદ્દો છે. એવી સમ્યગ્દૃષ્ટિની સુંદર બુદ્ધિને અમે વંદન કરીએ છીએ. આમ લેવું છે. આ અનુભવપ્રકાશનું બહુ ગૂઢ વચન છે.

'**ગુપ્ત ને પ્રગટ અવસ્થા ભેદ એટલે કે દ્રવ્ય ને પર્યાયના ભેદને ન જો.**' દ્રવ્ય-પર્યાયના ભેદ જોતાં તને અભેદ અનુભવ નહિ થાય. અભેદ અનુભવ નહિ રહે. અમારું કથનનું તાત્પર્ય અભેદ અનુભવ કરાવવાનું છે. ભેદ કહીને ભેદમાં ઊભો રાખવો સાંભળનારને એ માટે અમે ભેદ કહેતા પણ નથી. એ આવી ગયું. ૭મી, ૮મી ગાથામાં. ભેદથી કહો છો ને? કે ભેદથી કહીએ છીએ તે અભેદને સમજાવવા. ભેદથી કહીએ છીએ તે અભેદનો અનુભવ કરાવવા. જેના જ્ઞાનમાં અને જેની દૃષ્ટિમાં ભેદ વિલીન થાય છે, સમજેલા ભેદ પણ જ્યારે વિલીન થાય છે ત્યારે એને અનુભવ થાય છે. જ્યાં સુધી એને ભેદ ઉપરનું લક્ષ રહે છે ત્યાં સુધી અનુભવ થતો નથી. તેથી અનુભવ કરાવવા અર્થે એમ કહે છે કે એમ ન જો.

'**ગુપ્ત ને પ્રગટ અવસ્થા ભેદ...**' જુઓ! હવે શું આમાં કહેવું છે? કે જે આત્મત્વ છે, આત્માનું જે આત્મપણું છે, જે એનો સ્વભાવ છે એ સ્વભાવ સામર્થ્ય અપેક્ષાએ તે અવ્યક્ત અને ગુપ્ત છે અને પર્યાય અપેક્ષાએ તે વ્યક્ત પ્રગટ છે. આમ તું ન જો, પણ એકાકાર એકલા સ્વભાવને જ જો. એમ કહેવું છે. રીતનો વિષય લે છે. તું કેવી રીતે જો તો તને અનુભવ થાય? સ્વભાવને તું જો તો સ્વભાવને કેવી રીતે જો તો તને અનુભવ થાય? આ વાત કરી છે. આ વિષયની સૂક્ષ્મતા છે. કે સ્વભાવ દ્રવ્યમાં છે અને સ્વભાવ પર્યાયમાં છે કે નથી? આ સ્વભાવને જોવાની રીત નથી.

સ્વભાવને જોતાં તું એનું દ્રવ્યત્વ કે પર્યાયત્વ એ બંનેમાંથી એકેય ભેદને લક્ષમાં ન લે, બન્ને પ્રકારના ભેદો તારા લક્ષમાંથી ઊડી જાય અને એકાકાર સ્વભાવ જ તારા લક્ષમાં રહે ત્યારે તને સ્વભાવનો સ્વસ્વરૂપે

અભેદપણે અનુભવ રહે.

મુમુક્ષુ :- એનું સામર્થ્ય

પૂજ્ય ભાઈશ્રી :- સામર્થ્યને પણ દ્રવ્યત્વપણે કે પર્યાયત્વપણે એમ નહિ. જે ભેદ પડે છે એ ભેદ રાગી જીવને વિકલ્પનો ઉત્પાદક થાય છે. પર્યાયનો ભેદ, ગુણનો ભેદ કે દ્રવ્યનો ભેદ. દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદ એ દ્રવ્યાનુયોગનો વિષય હોવા છતાં પણ એ આગમના વિષયથી પાર અધ્યાત્મના વિષયમાં લઈ જાય છે. એથી પાર લઈ જવાની વાત છે કે એ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદને પણ તું ન જો. તારા સ્વરૂપને જોતાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદને પણ તું ગૌણ એટલી હદે કરી નાખ કે તને માત્ર તારો એકાકાર સ્વભાવ જ અનુભવમાં રહે. એમાં આ દ્રવ્ય, આ ગુણ, આ પર્યાય એ રીતે ન જો. અનુભવપ્રકાશ છે ને? ગ્રંથ જ એવો છે. નાનો ગ્રંથ છે પણ ગજબની વાતો કરી છે!

**'એક સમયનો વિકાર હોવા છતાં શક્તિ એવી ને એવી છે.'** પર્યાયમાં પર્યાય સમય સમયની હોવાથી વિકાર એક સમયનો છે. કોઈ જીવને બે સમયનો વિકાર એકસાથે ન હોય. કેમ કે પ્રત્યેક જીવની પર્યાય એક જ સમયની છે. કહે છે કે જે સ્વભાવ છે એ એટલો મહાન છે, એટલો ઊંડો અને વિશાળ છે કે જેને જગતના કોઈ પદાર્થની ઉપમા આપવી ઓછી પડે છે. આકાશની ઉપમા ઓછી પડે છે. આકાશ તો અનંત છે છતાં આકાશના પ્રદેશોથી આત્માના ગુણ અનંતગુણ છે. એટલે જગતના તમામ પદાર્થોથી એ અનુત્પન્ન છે. એવો પદાર્થ, એવા મહાન પદાર્થ પાસે એક સમયના વિકારનું સ્થાન કેટલું? કે દૃષ્ટિમાં ન રહે એટલું.

જેમ કોઈ એમ કહે કે ક્યાં ત્રણ લોકનું જેની પાસે રાજ હોય અને ક્યાં એક ભિખારી. ત્રણ લોકનું રાજ તો કોઈને હોતું નથી. કેમ કે દેવલોકમાં દેવો ઈન્દ્ર છે અને મનુષ્યલોકમાં ચક્રવર્તી ઈન્દ્ર છે. નીચે બીજા ઈન્દ્રો છે. છતાં ત્રણ લોકનો કોઈ રાજા હોય, જેની પાસે ત્રણ લોકનું રાજ હોય એની પાસે, જેને કાંઈ એક ટૂકડો પણ રોટલાનો જેની પાસે ન હોય એનો શું હિસાબ? એમ જે ચૈતન્ય ચક્રવર્તી છે, ત્રણ લોકનો નાથ જ છે. એની પાસે એક સમયના વિકારનું શું? એનો ભાર શું? કે એનું કાંઈ નહિ. એ દૃષ્ટિમાં ન રહે એવી ચીજ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ત્યારે તો એનો અફસોસ છે કે અરેરે..! આ તે શું છે! ચક્રવર્તી પાસે ભિખારી દબાઈ જાય તો તો ઠીક છે, એ તો બરાબર છે. પણ આ તો ભિખારી પાસે ચક્રવર્તી દબાણો. એનો તો અફસોસ થવો જોઈએ ને. આ તે કેવું ઊંધું? કેટલું વિપરીત? એવી સ્થિતિ છે.

એ પોતે એક સમયના વિકારમાં અહંપણું કરીને એટલો એકાકાર એવા ભાવે થાય છે. કેમકે શ્રદ્ધા એક એવો પ્રકાર છે કે આખે આખો પોતે આમાં આવી જાય છે. એક સમયના વિકારમાં પોતાને આખેઆખો એવો પકડાય છે પોતાપણે કે આખા ત્રણ લોકના નાથને એ ઉડાવે છે. એક શ્રદ્ધામાં પરિણમવાનો એવો ગુણ છે. ગુણ એટલે એવો એનો શ્રદ્ધાનો પ્રકૃતિ સ્વભાવ છે કે એ જેને શ્રદ્ધે એ એનું સર્વ છે. પછી એની સામે ગમે તે હોય એને ઉડાવે. પોતાનું સ્વદ્રવ્ય આટલું મહાન હોવા છતાં એને ઉડાવે છે. સામે ત્રણ લોકના નાથ તીર્થંકર હોય તો એને પણ ઉડાવે, એના કથનને ઉડાવે, એના ઉપદેશને ઉડાવે, આખા જગતને ઉડાવે. આ શ્રદ્ધાની તાકાત છે.

એ તાકાતનો જ્યાં સ્વદ્રવ્યમાં સ્વભાવિકપણે ઉપયોગ થયો ત્યારે એ આખા જગતને ઉડાવે છે. તે જગતમાં રહેલા સર્વ પદાર્થને ઉડાવે છે. પછી એ અનંતા સિદ્ધોની સામે પણ એ પર્યાય જોતી નથી અને પોતાની શુદ્ધ પર્યાયની સામે પણ એ શ્રદ્ધા જોતી નથી. એ બધાને પછી એક કોર મૂકે છે. એનો વિષય એકલો ત્રિકાળી સામાન્ય દ્રવ્ય રહી જાય છે. શ્રદ્ધા ન તો પોતાની શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શનની પર્યાયને શ્રદ્ધે છે કે ન તો સિદ્ધ થાય ત્યારે પોતાની સિદ્ધ પર્યાયને પણ શ્રદ્ધે છે. પછી બીજા સિદ્ધનો તો વિષય જ દૂર છે. એનો વિષય એકલો પોતાનો શુદ્ધાત્મા ત્રિકાળી આત્મા છે. અને એની તાકાત જબરદસ્ત છે. આવી જે શ્રદ્ધાની શક્તિ છે એ શક્તિની આગળ બધું એક બાજુ રહી જાય તોપણ શ્રદ્ધાનું પલ્લું

નમે છે.

સોગાનીજીએ એક જગ્યાએ આ વિષયમાં બહુ સારું લખ્યું છે કે એક પલ્લેમેં તીન કાલ તીન લોક. ત્રણ લોકમાં થનારા સિદ્ધો આવી ગયા કે નહિ? ત્રણે કાળના અને ત્રણે લોકમાં બધા પંચ પરમેષ્ઠી ત્રણ કાળ ત્રણ લોકના આવી ગયા કે નહિ? ઔર એક પલ્લેમે મૈં. મેરા પલ્લા બૈઠ જાતા હૈ ઔર સામનેવાલા પલ્લા ઉધર જાતા હૈ. એ પલ્લુ ફેંકાઈ જાય છે એમ કહે છે. ઊંચું કરી નાખું છું એમ નહિ, એને તો ઉલાળી મૂકે છે. આવો હું મારા શ્રદ્ધામાં વજનદાર છું. શ્રદ્ધાનો વિષય એમણે વિશેષ સ્પષ્ટ કર્યો છે.

કહે છે કે '**એક સમયનો વિકાર હોવા છતાં...**' એક જ સમયનો વિકાર હોવા છતાં '**શક્તિ એવી ને એવી છે.**' જે શ્રદ્ધાનો વિષય શક્તિ અને સામર્થ્ય છે એ સદાય એવી ને એવી છે. સમય સમય થઈને એ વિકાર અનાદિ કાળથી વર્તમાનના સમયરૂપ અનંત કાળ અનંત સમય સુધી રહ્યો. વચ્ચે અનંત કાળ નિગોદમાં પ્રચુર કષાય કલંકમાં રહ્યો. એ પણ સમય સમયની પર્યાય, હોં! નિગોદની જે પર્યાય તે પણ સમય સમયની પ્રચુર કષાય કલંક છે તોપણ તે સમય સમયની પર્યાય છે. તોપણ શક્તિ એવી ને એવી છે. એમ કહેવું છે. વજન ત્યાં લઈ જવું છે કે તોપણ આત્માની જે શક્તિ જે શ્રદ્ધાનો વિષય છે એ તો એવી ને એવી છે. કોરે કોરી નક્કોરે નક્કોર જ છે.

જ્યારે જીવ એવી શક્તિને જોવે છે ત્યારે એનો ખરો મહિમા આવે છે, કે અરે..! અનંત કાળ ગયો, અનંત ભવમાં રખડ્યો પણ મૂળમાં જોઉં તો હું એવો ને એવો જ રહ્યો છું. કાંઈ ફેર નથી. મારું સ્વદ્રવ્ય, દ્રવ્ય સ્વભાવમાં કાંઈ ફેર નથી. હવે એ દ્રવ્ય સ્વભાવને જોતાં મારે ગુપ્ત વ્યક્ત પ્રગટ અને ગુપ્ત એ અવસ્થા ભેદને પણ મારે જોવાનો રહેતો નથી. આમ છે.

મિથ્યાદૃષ્ટિ તર્ક કરે છે કે એને પોતાના પરિપૂર્ણ સ્વભાવને જોતાં પરિપૂર્ણ પોતાને માન્યો તો હવે અવસ્થામાં એને રાગ કેમ થાય છે? શા માટે એને ઈચ્છા છે? શા માટે એને વિકાર થયો? અરે.. ભાઈ! એ તો હવે અવસ્થા ભેદને જોવાનું ભૂલ્યો છે. અશુદ્ધતાને જોતો નથી પણ શુદ્ધતાને પણ જોતો નથી. એકાકાર દ્રવ્ય સ્વભાવને જોવે છે. આવો વિષય છે.

એટલે એમ કહ્યું કે '**એક સમયનો વિકાર હોવા છતાં શક્તિ એવી ને એવી છે. ને અવસ્થા પ્રગટ થઈ ત્યારે શક્તિ એવી ને એવી છે.**' એ અવસ્થામાં શુદ્ધતા સ્વભાવ પ્રગટ્યો એમ કહો ત્યારે પણ શક્તિ એવી ને એવી છે. નિગોદમાં ગયો ત્યારે પણ શક્તિ એવી ને એવી છે અને સિદ્ધાલયમાં પહોંચ્યો ત્યારે પણ શક્તિ એવી ને એવી છે. એ જે મૂળ સ્વરૂપ છે એમાં લાભ-હાનિનો કોઈ પ્રસંગ નથી. એમાં લાભ-નુકસાનની કોઈ ગુંજાઈશ નથી કે એમાં કાંઈ લાભ થાય અને એમાં કાંઈ નુકસાન થાય. લાભ અને નુકસાન આત્માની અવસ્થામાં શાંતિ-અશાંતિ સુખ અને દુઃખને લઈને ગણવામાં આવે છે કે અવસ્થામાં દુઃખ થયું તે નુકસાન અને અવસ્થામાં આત્મિક સુખ પ્રગટ થયું તે લાભ. પણ એ વિષય મર્યાદિત છે અવસ્થા પર્યંત, અવસ્થા પૂરતો મર્યાદિત છે. મૂળ વસ્તુના સ્વરૂપને જોનારને અવસ્થા ગૌણ છે. અવસ્થા ગૌણ છે એટલે કે અનુભવરૂપ થતી હોવા છતાં જાણે કે તે જોતો નથી.

એ અવ્યક્તના બોલમાં ૪૯મી ગાથામાં એ વિષય લીધો છે. વ્યક્ત અને અવ્યક્ત ભેળા પ્રતિભાસિત થતાં હોવા છતાં. એટલે દ્રવ્ય સામાન્ય અને વર્તમાન પર્યાય એકસાથે યુગપદ્ પ્રમાણજ્ઞાનમાં અનુભવગોચર થતા હોવા છતાં જે વ્યક્ત પ્રત્યે ઉદાસીન છે તે અવ્યક્ત છે. એમ લીધું છે. અવ્યક્તનો બોલ લીધો છે. જે વ્યક્ત અવસ્થા પ્રત્યે ઉદાસીન છે. જે પોતાના પ્રગટ આનંદની દશા પ્રત્યે પણ ઉદાસીન છે એમ કહેવું છે. તે અવ્યક્ત છે. આવો એક દ્રવ્ય સામાન્યનો કે જે શ્રદ્ધાનો વિષય છે એ જબરજસ્ત વિષય છે. એનું નિરૂપણ એવી વિભિન્ન શૈલીથી આવ્યું છે પરમાગમોમાં અને ખાસ કરીને અધ્યાત્મ વિષયક ગ્રંથોમાં અધ્યાત્મના પ્રકરણમાં એ વિષય એવી વિભિન્ન શૈલીથી આવ્યો છે કે એ શૈલી પણ ગજબ આવી છે! ભિન્ન ભિન્ન અનુભવીઓએ, આચાર્યોએ, સમ્યગ્દૃષ્ટિઓએ એ વિષયને ખુબ શ્રદ્ધાના જોરથી

ભાષાની અંદર વ્યક્ત કર્યો છે.

**'ને અવસ્થા પ્રગટ થઈ ત્યારે શક્તિ એવી ને એવી છે.'** અવસ્થા પ્રગટ થઈ એટલે શુદ્ધ અવસ્થા પ્રગટ થઈ. સમ્યગ્દર્શનની શુદ્ધ અવસ્થા પ્રગટ થઈ ત્યાંથી માંડીને સિદ્ધ પર્યંતની શુદ્ધ અવસ્થા પ્રગટ થઈ, શક્તિ એવી ને એવી છે. **'આવી શ્રદ્ધા સુખનું મૂળ છે.'** કેવી શૈલી કરી છે દીપચંદજીએ! આવી જે શક્તિની શ્રદ્ધા કે મારી શક્તિ સદાય અનાદિઅનંત એવી ને એવી છે. એવી જે શક્તિની શ્રદ્ધા એ સુખનું મૂળ છે. એ ભગવાનની દિવ્યધ્વનિમાં એ શક્તિનું પ્રકરણ ચાલે અને એ શક્તિનું સમ્યક્ ભાવભાસન ન થાય તો આ બધા શક્તિ પૂજા કરી એવું કરવા માંડે.

શું કહે છે? કે આ જગતનું મૂળ શક્તિ છે. આ કરે છે ને માતાજીની પૂજા? શક્તિ કરીને. એ બધું ત્યાંથી નીકળ્યું છે. ભગવાનની વાણી સમજાણી નહિ અને ભ્રમ થયો. શક્તિ નામ તો .. સ્ત્રીલિંગ છે. જે પદ છે ભાષાનું એમાં ત્રણ પદ છે ને? સ્ત્રી, પુરુષ અને નપુંસક. તો એમાં શક્તિ .. સ્ત્રીલિંગ છે એટલે એક સ્ત્રીનો ફોટો મૂકી દીધો. જેમ ભારતમાતા સ્ત્રી ફોટો ચીતર્યો એવી રીતે. એ પછી ચાલ્યું, ચાલો એની પૂજા કરો, મૂકો એની પાસે તરવાર. ભાઈ! એ બધી ગડબડવાળી વાત છે. એમ નથી.

શક્તિનો શ્રદ્ધાના જોરમાં બહુ બહુ પ્રશંસાથી, બહુ મહિમાથી શક્તિનો ગુણાનુવાદ કરવામાં આવે છે. કેમ કે એ મૂળ સ્વરૂપ છે, વસ્તુનું એ અસલ સ્વરૂપ છે, એ મૂળ સ્વરૂપ છે. અને સર્વોત્કૃષ્ટ પદ છે. પણ એને યથાર્થ રીતે સમજવાની વાત છે. નહિતર આ શક્તિ પૂજાનું જે ચાલ્યું એ બધી ગડબડવાળી વાત ઊભી થઈ જાય. આ બધું એમાંથી જ નીકળ્યું છે. જેટલા અન્યમત થયા છે તે બધા દિવ્યધ્વનિને સાંભળીને ૩૬૩ આ વખતના ચોવીસીના પહેલા તીર્થંકર જે ઊભા થયા આદિનાથ ભગવાન, જેવી દિવ્યધ્વનિ નીકળી, પ્રગટ થઈ એટલે ૩૬૩ પાખંડ ઊભા થયા. એ વિભ્રમથી થયા. આમ કેમ? તો કોઈ કહે કે હું કહું છું એમ ભગવાન કહે છે, આ કહે હું કહું છું એમ ભગવાન કહે છે, આ કહે હું કહું છું એમ કહે છે. અમે શક્તિનો જ મહિમા કરીએ છીએ એમ કહે.

એ પહેલા અહીંયાં જુગલિયાનું ક્ષેત્ર હતું. જેટલા જુગલિયા મનુષ્ય હતા અહીંયાં એ બધા મરીને દેવલોકમાં જાય. અહીંનું આયુષ્ય પૂરું કરે એટલે એને તિર્યંચગતિ પણ નહિ અને એની નરકગતિ પણ નહિ. ફરીને એ મનુષ્ય થાય નહિ. દેવલોકમાં જાય. બે જ ગતિ હતી. અહીં મનુષ્યગતિમાં હતા અને દેવગતિમાં જતા હતા. આ ક્ષેત્રમાં બે જ ગતિ હતી. જ્યાં ભગવાનની વાણી છૂટી એટલે ચારેય ગતિ ખુલી ગઈ. ઠીક! પંચમ મોક્ષ ગતિ પણ ખુલી ગઈ. કોઈ મોક્ષે નહોતું જાતું. જુગલિયામાં કોઈ મોક્ષ જવાનો પ્રશ્ન નથી. કોઈ સમ્યગ્દષ્ટિ હોય નહિ, બધા મિથ્યાદષ્ટિ જ હોય.

ભગવાનની વાણીમાં મોક્ષમાર્ગ એવો ખૂલ્યો એવો સામે અપેક્ષિત બંધમાર્ગ પણ ખૂલ્યો. નરકમાં જનારા જીવોએ તૈયારી.. એની યોગ્યતા હતી, સીધા ઉછળ્યા અને દેકારો કરવા માંડ્યા. આમ ન હોય.. આમ ન હોય... આમ ન હોય... ઠીક! એટલે વિરોધ કરનારા પણ નીકળ્યા, અનુસરનારા પણ નીકળ્યા. પંચમગતિમાં જનારા પણ પ્રગટપણે પરિણમવા લાગ્યા અને નરકમાં જનારા પણ પ્રગટપણે પરિણમવા લાગ્યા. એવો જ કોઈ વસ્તુ વ્યવસ્થાનો પ્રકાર છે જગતની અંદર કે સત્‌ની સામે અસત્ ઊભું થાય છે અને અસત્‌ની સામે સત્ ઊભું થાય છે. આમ કેમ? કે એ કોઈ પ્રશ્નનો વિષય નથી. એવી કોઈ વસ્તુવ્યવસ્થા છે.

શું કહે છે? કે **'આવી શ્રદ્ધા સુખનું મૂળ છે.'** જે શ્રદ્ધા કેવળજ્ઞાનની પર્યાયના ભેદને જોતી નથી અને જે શ્રદ્ધા દ્રવ્યના ભેદને પણ જોતી નથી. અથવા જેનો ભેદ પાડવાનો ધર્મ નથી એવી શ્રદ્ધા, શ્રદ્ધાનો પ્રકાર એવો છે કે એનામાં ભેદ પાડવાનો ધર્મ નથી. અભેદપણે એકાકાર થઈને, પોતાના વિષય સાથે અભેદપણે એકાકાર થઈને તે શ્રદ્ધાના પરિણમવાનો ધર્મ છે. એ રીતે શ્રદ્ધા જ્યારે સ્વરૂપ સાથે પરિણમે, સ્વરૂપ સાથે પરિણમે છે ત્યારે મૂળમાંથી સુખ ઉત્પન્ન થાય છે અને અનંત સુખરૂપ એનું ફળ આવે છે. આ શ્રદ્ધાનું એનું મૂળ છે એમ કહેવું છે. સુખનું મૂળ છે. (સમય થયો છે).

## ધાર્મિક કાર્યક્રમ

સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના વાર્ષિક સમાધિદિન પ્રસંગે ત્રણ દિવસીય ધાર્મિક કાર્યક્રમ નિમ્ન સ્થળે આયોજિત કરવામાં આવેલ છે. ચૈત્ર સુદ ૩, મંગળવાર તા. ૨૦-૩-૨૦૧૮ થી ચૈત્ર સુદ ૫, ગુરુવાર તા. ૨૨-૩-૨૦૧૮ પર્યંત જિનમંદિરમાં મંડલ વિધાન રાખવામાં આવેલ છે. તથા 'શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર'માં પ્રાતઃ સાત થી આઠ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું સી.ડી. પ્રવચન, બપોરે ચાર થી પાંચ ગુણાનુવાદ તથા રાત્રે આઠ થી નવ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું વિડીયો પ્રવચન તથા ભક્તિ રાખવામાં આવેલ છે. તા. ૨૨-૩-૨૦૧૮, ચૈત્ર સુદ પાંચમના દિવસે સવારે ચાર વાગે 'શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર'માં ભક્તિ તથા બે મિનિટનું મૌન પાળવામાં આવશે. ત્યારબાદ સાત થી આઠ પ્રવચન અને તત્પશ્ચાત્ પૂજ્ય ભાઈશ્રીના સમાધિસ્થળે અડધી કલાક ભક્તિ રાખવામાં આવેલ છે. આ પ્રસંગે આવનાર મુમુક્ષુઓ માટે આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. આવનાર મુમુક્ષુ ભાઈ-બહેનોને વિનમ્ર સૂચન છે કે તેઓ આવવાની વિગત અગાઉથી જણાવે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.

સંપર્ક : શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર. ફોન : (૦૨૭૮) ૨૫૧૫૦૦૫.

## નવીન પ્રકાશન
## અધ્યાત્મ સુધા ભાગ-૧૦

પૂજ્ય બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા થયેલ પ્રવચનોનું પુસ્તક 'અધ્યાત્મ સુધા ભાગ-૧૦' પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની જન્મ જયંતિના દિવસે પ્રકાશિત કરવામાં આવેલ છે. જે મુમુક્ષુ ભાઈ-બહેનઓ સ્વાધ્યાયાર્થ મંગાવવું હોય તેઓ ટ્રસ્ટના કાર્યાલયમાં સંપર્ક કરી મંગાવી શકે છે.

## અધ્યાત્મ સુધા ભાગ-૧૧-૧૨

પૂજ્ય બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા થયેલ પ્રવચનોનું પુસ્તક 'અધ્યાત્મ સુધા-ભાગ-૧૧ અને ૧૨' પૂજ્ય બહેનશ્રીની આગામી સમ્યક્ત્વ જયંતિ મહોત્સવ તા. ૧૧-૩-૨૦૧૮ના દિવસે પ્રકાશિત કરવાની ભાવના છે.

સંપર્ક :- વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ફેબ્રુઆરી-૨૦૧૮)નું શુલ્ક બેલાબહેન મહેન્દ્રકુમારજી જૈન, ભાવનગર તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**



## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

**પ્રશ્ન :-** દ્રવ્ય નિષ્ક્રિય કઈ રીતે છે?

**સમાધાન :-** પોતાની અપેક્ષાએ દ્રવ્ય નિષ્ક્રિય છે. દરેક ગુણનું કાર્ય પર્યાયમાં આવે છે. જ્ઞાનગુણનું કાર્ય જ્ઞાનરૂપે ને આનંદનું કાર્ય આનંદરૂપે આવે છે. દરેક ગુણનું કાર્ય આવ્યા જ કરે છે. કેવળજ્ઞાનીને કેવળજ્ઞાન થાય ને લોકાલોક જણાય તે જ્ઞાનનું કાર્ય છે અને કેવળજ્ઞાની આનંદરૂપે પરિણમ્યા કરે તે આનંદનું કાર્ય છે. તે અપેક્ષાએ દ્રવ્ય સક્રિય છે, પણ તે દ્રવ્ય એવી જાતનું સક્રિય નથી કે દ્રવ્ય પોતે બધી રીતે-સર્વથા-ક્રિયાત્મક થઈ જાય. અનાદિ-અનંત દ્રવ્ય પોતે પોતાની અપેક્ષાએ નિષ્ક્રિય છે, અને પર્યાય અપેક્ષાએ સક્રિય છે, સર્વથા નિષ્ક્રિય નથી.

મુમુક્ષુ :- જે દૃષ્ટિનો વિષય બને છે તે દ્રવ્ય સર્વથા નિષ્ક્રિય છે એમ લેવું?

બહેનશ્રી :- હા, જે દૃષ્ટિનો વિષય બને છે તે દ્રવ્ય એકસરખું નિષ્ક્રિય રહે છે. જેમાં કાંઈ ફેરફાર નથી, જે અનાદિ-અનંત એકસરખું રહે છે અને જેનો નાશ નથી એવી જાતનું દ્રવ્ય અનાદિ-અનંત નિષ્ક્રિય છે. આત્મા દ્રવ્ય અપેક્ષાએ નિષ્ક્રિય છે અને પર્યાય અપેક્ષાએ સક્રિય છે. જો તે એકલો નિષ્ક્રિય હોય તો તેમાં કેવળજ્ઞાનની, મુનિદશાની પર્યાય થાય નહિ. માટે આત્મા પર્યાય અપેક્ષાએ સક્રિય છે ને દ્રવ્ય અપેક્ષાએ નિષ્ક્રિય છે. આત્મા સર્વતા શૂન્ય નથી, જાગૃતિવાળો છે, કાર્યોવાળો છે; પણ દ્રવ્ય અપેક્ષાએ નિષ્ક્રિય છે. પોતાનો સ્વભાવ જળવાયેલો એવો ને એવો નિત્ય ધ્રુવરૂપે રહે છે તેથી નિષ્ક્રિય છે. આત્મા પર્યાય અપેક્ષાએ કાર્યોવાળો છે. કેમ કે જો આનંદ આનંદરૂપે કાર્ય ન લાવે તો આનંદનો ગુણ કેવી રીતે કહેવાય? જો કોઈ જાતની ક્રિયા તેમાં ન થાય તો જાણવાનું, શાંતિનું, પુરુષાર્થનો પલટો થવાનું કાર્ય જ ન થાય અર્થાત્ કોઈ કાર્ય જ ન થાય. માટે આત્મદ્રવ્ય સર્વથા નિષ્ક્રિય નથી. છતાં દ્રવ્ય એકસરખું-જેમ છે તેમ-ધ્રુવરૂપે રહે છે, તેથી પરમપારિણામિકભાવે નિષ્ક્રિય પણ છે. પર્યાય કોઈ અપેક્ષાએ પારિણામિકભાવે પણ છે કેમ કે તે કોઈની અપેક્ષા રાખતી નથી, સ્વતંત્ર પરિણમે છે, ઉપશમ આદિ ભાવોમાં કોઈની અપેક્ષા લાગુ પડતી નથી, માટે તે અપેક્ષાએ પર્યાય પારિણામિકભાવે છે, પણ તે પર્યાય છે માટે સક્રિય છે. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૦૯)**

❈

**પ્રશ્ન :-** દૃષ્ટિનું બળ કોના ઉપર હોય છે? અને વધારે બળ કોનું-દૃષ્ટિનું કે જ્ઞાનનું?

**સમાધાન :-** દૃષ્ટિનું જોર એક સામાન્ય ઉપર જ છે અને જ્ઞાન સામાન્ય-વિશેષ બંનેને જાણે છે, જાણવામાં ભેદ આવે છે. દૃષ્ટિમાં જે સામાન્યનું બળ આવે છે એવી જાતનું બળ જ્ઞાનમાં આવતું નથી. દૃષ્ટિ બળવાન છે ને તે એક સામાન્યને ગ્રહણ કરે છે, તે એક સામાન્ય ઉપર જોર મૂકીને આગળ જાય છે કે અનાદિ-અનંત ચૈતન્ય સામાન્ય તે હું છું. ગુણ-પર્યાયના ભેદ ઉપર પણ તેની નજર નથી. તે તો એક સામાન્ય ચૈતન્ય અસ્તિત્વ કે જે જ્ઞાયક છે તે હું એમ સ્વીકારે છે. આમ જેવું દૃષ્ટિનું બળ, તેવું બળ જ્ઞાનનું નથી. કેમ કે જ્ઞાન સામાન્ય-વિશેષ બંનેને જાણે છે. જ્ઞાન યથાર્થ હોય તો પરિણતિ યથાર્થ થાય છે, પણ દૃષ્ટિ વધારે બલવાન છે. દૃષ્ટિમાં બળ છે, કેમ કે દૃષ્ટિએ આખા સામાન્યને ગ્રહણ કર્યું છે.

મુમુક્ષુ :- મૂલ્યવાન દૃષ્ટિ છે?

બહેનશ્રી :- હા, દૃષ્ટિ મૂલ્યવાન છે.

મુમુક્ષુ :- દૃષ્ટિ જે કામ કરે છે તે જણાય છે તો જ્ઞાનમાં?

બહેનશ્રી :- જ્ઞાનમાં જણાય છે પણ દૃષ્ટિ બળવાન છે, જોરદાર છે. એક સામાન્ય ઉપર દૃષ્ટિ સ્થાપતાં (સ્વરૂપમાં) લીનતા થાય છે. જેમ કોઈ માણસે એમ નક્કી કર્યું હોય કે મારે આ પ્રમાણે આ એક જ કાર્ય કરવાનું છે, તો પછી તે એક કાર્ય સિવાય આજુબાજુનું બીજું કાંઈ જોવે નહિ અને દૃઢતાથી કાર્ય કર્યા કરે તેમ એક પછી એક વચ્ચે બધા ભેદો આવે, પણ તેના ઉપર દૃષ્ટિ નહિ દેતાં સામાન્ય એક આત્મા ઉપર જ દૃષ્ટિ દેતાં તેના બળથી લીનતાની પરિણતિ પ્રગટ થાય છે.

મુમુક્ષુ :- જ્ઞાનમાં પણ એવું બળ આવે છે?

બહેનશ્રી :- જ્ઞાનમાં બધું જાણવાનું આવે છે. જોકે જ્ઞાનમાં બળ આવે છે, પણ દૃષ્ટિમાં વધારે બળ આવે છે. જ્ઞાનમાં બધા પડખાંને જાણવાનું કાર્ય હોય છે કે આ અધૂરું છે ને આ પૂરું છે. આ કેવળજ્ઞાન છે, આ સાધકદશા છે, આ ગુણભેદ ને પર્યાયભેદ છે એમ જ્ઞાન બધું જાણે તેમ જ એક અખંડનું બળ પણ જ્ઞાનમાં છે, છતાં પણ તે જાણવાપણે છે. એક સામાન્ય જ જેણે ગ્રહણ કર્યો છે તે દૃષ્ટિ વધારે બળવાન છે.

**(સ્વાનુભૂતિ દર્શન - ૬૧૦)**

❉

**પ્રશ્ન :-** પુરુષાર્થ કેમ કરવો?

**સમાધાન :-** જો રુચિની ઉગ્રતા થાય તો પુરુષાર્થ થયા વગર રહે નહિ. 'રુચિ અનુયાયી વીર્ય' રુચિ જે તરફ જાય તે તરફનો પુરુષાર્થ થાય જ; પણ પોતાની રુચિ મંદ હોય તો પુરુષાર્થ ઊપડતો નથી. થાય છે, થાશે એમ પોતાને થયા કરે પણ ઉગ્ર ભાવના ન તાય ત્યાં સુધી પુરુષાર્થ થતો નથી. રુચિ ઉગ્ર થાય તેને બહાર રોકાવું ગમે નહિ, ક્ષણે ક્ષણે આત્માની લગની લાગે, રાત-દિવસ ક્યાંય ચેન ન પડે, એવું અંદર થાય તો પોતાનો પુરુષાર્થ ઉગ્ર થાય, પણ મંદ મંદ રહ્યા કરે છે એટલે આગળ જઈ શકતો નથી.

મુમુક્ષુ :- અંતર સન્મુખ પુરુષાર્થ રુચિના જોરે થાય છે?

બહેનશ્રી :- રુચિ ઉગ્ર હોય તો અંતર સન્મુખ પુરુષાર્થ સહજ થાય. રુચિ પોતા તરફ જાય તો પુરુષાર્થ પણ તે તરફ જાય.

મુમુક્ષુ :- તો પુરુષાર્થ કરવાનો ન રહ્યો પણ રુચિ કરવાની રહી?

બહેનશ્રી :- બંનેને સંબંધ છે, રુચિ થાય એટલે પુરુષાર્થ સાથે થાય જ.

મુમુક્ષુ :- બંનેમાં મુખ્યતા કોની?

બહેનશ્રી :- રુચિની મુખ્યતા હોય છે.

મુમુક્ષુ :- રુચિ ખૂબ ઊંડાણથી જાગૃત કરવા માટે શું કરવું?

બહેનશ્રી :- પોતે અકારણ પારિણામિક દ્રવ્ય છે, તેથી રુચિ પોતાને જ કરવાની છે. આ સ્વભાવ જ આદરણીય છે, વિભાવ આદરણીય નથી. વિભાવમાં સુખ નથી, તેની સાથે એકત્વબુદ્ધિ કરવી તે ખોટું-અયથાર્થ છે. યથાર્થ આત્મતત્ત્વ વિભાવથી જુદું હોવા છતાં તેમાં એકત્વ માની રહ્યો છું તે ખોટું માન્યું છે, વિપરીત માન્યું છે. આમ યથાર્થ જ્ઞાનપૂર્વક નિશ્ચય કરીને પોતે રુચિને દૃઢ કરતો રહે. જ્ઞાન, રુચિ, પુરુષાર્થ-બધાને સંબંધ છે. તેથી યથાર્થ જ્ઞાનથી નિશ્ચય કરવો જોઈએ કે બહારમાં ક્યાંય સુખ નથી, આત્મામાં સુખ છે. બે તત્ત્વો જુદાં છે. આ વિભાવતત્ત્વ જુદું છે ને મારું આત્મતત્ત્વ જુદું છે એમ નક્કી કરીને રુચિનું જોર વધારવું. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૧૧)**

❉

**પરમ કૃપાળુદેવ રાજચંદ્રજી દ્વારા લખાયેલ પત્રો ઉપર વિવેચન....**

તેવા સમ્યક્દર્શનના પરમ અનુગ્રહથી પોતાને પણ સ્વસ્વરૂપમાં રુચિ થઈ છે અને પોતાના અનુભવજ્ઞાનમાં પૂર્ણ વીતરાગ સ્વભાવનો પરમ નિશ્ચય થયો છે, અને પૂર્ણ કૃતકૃત્ય થવાનો માર્ગ ગ્રહણ થયો છે.

શ્રી વીતરાગ જિનેશ્વરદેવને અત્યંત ભક્તિભાવે સંબોધન કરીને નમસ્કાર કર્યા છે. કારણ કે તેઓશ્રીનો પણ પોતા પ્રત્યે (પરંપરાએ) અનંત ઉપકાર વર્તે છે. આ વચનામૃતમાં જિનેશ્વરદેવની મહાનતા પાસે પોતાની પામરતાનો પણ ઉલ્લેખ કર્યો છે. ત્યાર બાદ-

શ્રી કુંદકુંદાદિ આચાર્યોને પણ, તેઓશ્રીનાં વચનો પાતાને સ્વરૂપ અનુસંધાનને વિષે અર્થાત્ આત્માનુભવની પ્રાપ્તિમાં ઉપકારભૂત થયા હોવાથી, પોતાને પામર ગણાવી, અતિશય ભક્તિથી નમસ્કાર કર્યા છે. આ વચન ઉપરથી એમ લાગે છે કે દિગંબર આચાર્યો રચિત મહાન પરમાગમોના અધ્યયનથી આ ભવમાં, પ્રત્યક્ષ સદ્ગુરુનું નિમિત્ત નહિ હોવા છતાં પણ, પોતાને નિસર્ગજ સમ્યક્દર્શનની પ્રાપ્તિ થઈ છે. અને તેથી ઉપકારી શ્રીગુરુ પ્રત્યે પોતાનો ભક્તિભાવ પ્રદર્શિત કર્યો છે. છેવટે-

પોતાના પરમ સખા અને શિષ્ય શ્રી સૌભાગ્યભાઈ કે જેના સત્સમાગમના નિમિત્તે પોતાને આ ભવમાં આત્મદશાનું સ્મરણ થયું અને સુવિચારણાપૂર્વક આત્મજાગૃતિ ચાલુ થઈ, ફળસ્વરૂપે મોક્ષમાર્ગમાં પ્રવેશ થયો, તેથી તેમને પણ ઉપકારી ગણી નમસ્કાર કર્યા છે. આ કૃપાળુદેવની લોકોત્તર નમ્રતા છે.

પરમ કૃપાળુદેવનો લોકોત્તર વિનયગુણ અને ઉપકારી મહાત્મા પ્રત્યેનો ભક્તિભાવ, મુમુક્ષુજીવને અનુકરણીય અને પરમ આદરણીય છે. આ પ્રકારની નમ્રતા દ્વારા ખરેખર તો તેઓશ્રીની મહાનતાના જ દર્શન થાય છે.

**ધન્ય હો તેઓશ્રીની આરાધનાને!**
**પરમ ભક્તિએ નમસ્કાર હો તેઓશ્રીની સાધનાને!**

જીવ વિભાવ-પરિણામથી શૂન્ય છે, ક્યારે?-કે ત્રણેકાળ ને ત્રણેલોકમાં. અરે! જે અનંત કાળમાં ત્રસપણું પણ પામ્યો નથી ને ભવિષ્યમાં પણ ત્રસપણું પામશે નહીં એવા નિગોદનો જીવ પણ વિભાવના પરિણામથી શૂન્ય સ્વભાવે છે. પર્યાયમાં ભલે ગમે તે પ્રકાર હો પણ જે શુદ્ધ જીવ છે એ તો આવો જ છે ત્રણકાળ ને ત્રણેલોકમાં જે જીવ છે તે આવો જ છે, એટલે કે વિભાવ-પરિણામથી શૂન્ય શુદ્ધ જીવ છે. વર્તમાનકાળે શુદ્ધ કે ભવિષ્યમાં થશે ત્યારે શુદ્ધ છે એમ નહીં પણ ત્રણે કાળે ભગવાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આત્મા છે. ભલે પછી પાંચમો કે છઠ્ઠો આરો હો ને ભલે પછી કસાઈ થઈને ગાયોને કાપતો હોય પણ અંદર જે આત્મા છે તે આવો ભગવત્ સ્વરૂપ શુદ્ધ છે. પર્યાયમાં ગમે તેવા પરિણામ થયા પણ ભગવાન છે તે તેમાં આવતો જ નથી. કઈ દૃષ્ટિએ?-પર્યાયદૃષ્ટિએ નહીં હો! શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ ત્રિકાળ આનંદકંદ પ્રભુ શુદ્ધ છે અને તે જ ભૂતાર્થ છે.

**('દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર-પર્યાયદૃષ્ટિ વિનશ્વર' બોલ નં.૨૮૨)**




## આભ્યંતર પરિણામ અવલોકન

**૧૮**

**(હાથનોંધ-૨, પૃષ્ઠ ૩૯)**

**‘પરાનુગ્રહ પરમ કારુણ્યવૃત્તિ કરતાં પણ પ્રથમ ચૈતન્ય જિનપ્રતિમા થા. ચૈતન્ય જિનપ્રતિમા થા.’**

ઉક્ત વચનામૃતમાં અન્ય જીવો પ્રત્યેની કલ્યાણમાં નિમિત્ત થવા અર્થેની પરમ કારુણ્યવૃત્તિ અને અન્ય જીવો પ્રત્યેનો અનુગ્રહ, તે કરતાં પણ, નિજ ચૈતન્યસ્વરૂપમાં જિનપ્રતિમાવત્ સ્વરૂપ-સ્થિરતામાં રહેવાની મુખ્યતા હોવાનો અભિપ્રાય પ્રદર્શિત કરી, આત્મ-સ્થિરતાની ભાવના ભાવી છે.

આ ઉપરથી એવો બોધ પ્રાપ્ત થાય છે કે અન્ય જીવો પ્રત્યે કારુણ્યવૃત્તિપૂર્વક ધર્મપ્રભાવનાની પ્રવૃત્તિને મુખ્યતા આપીને આત્મશ્રેયની વૃત્તિને/પુરુષાર્થને ગૌણ કરવા યોગ્ય નથી. નિજહિત સાથે, તે પરહિતમાં નિમિત્ત થવા યોગ્ય છે. તે જ યથાર્થ પ્રકાર છે. સ્વહિતને ગૌણ કરી, પરલક્ષી ધર્મ પ્રવૃત્તિ થાય, તે યથાર્થ નથી.

**૨૦**

**(હાથનોંધ-૨, પૃષ્ઠ ૪૫)**

**‘હે સર્વોત્કૃષ્ટ સુખના હેતુભૂત સમ્યક્દર્શન! તને અત્યંત ભક્તિથી નમસ્કાર હો.**

**આ અનાદિ અનંત સંસારમાં અનંત અનંત જીવો તારા આશ્રય વિના અનંત અનંત દુઃખને અનુભવે છે.**

**તારા પરમાનુગ્રહથી સ્વસ્વરૂપમાં રુચિ થઈ. પરમ વીતરાગ સ્વભાવ પ્રત્યે પરમ નિશ્ચય આવ્યો. કૃતકૃત્ય થવાનો માર્ગ ગ્રહણ થયો.**

**હે જિન વીતરાગ! તમને અત્યંત ભક્તિથી નમસ્કાર કરું છું. તમે આ પામર પ્રત્યે અનંત અનંત ઉપકાર કર્યો છે.**

**હે કુંદકુંદાદિ આચાર્યો! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.**

**હે શ્રી સોભાગ! તારા સત્સમાગમના અનુગ્રહથી આત્મદશાનું સ્મરણ થયું તે અર્થે તને નમસ્કાર હો.’**

ઉક્ત વચનામૃતોમાં સમ્યક્દ્દષ્ટિથી માંડી વીતરાગ જિનેશ્વર પર્યંતના ઉપકારી મહાત્માઓ પ્રત્યે અત્યંત ભક્તિભાવથી નમસ્કારવ-વચનો લખાયા છે.

તેમાં પ્રથમ સમ્યક્દર્શનને સર્વોત્કૃષ્ટ સુખના કારણભૂત ગણીને નમસ્કાર કર્યા છે. તેમાં ત્રણેય કાળના સમ્યક્દ્દષ્ટિ ધર્માત્માઓ પ્રત્યે ભક્તિ કરી છે. અને સાથે સાથે સિદ્ધાંત દર્શાવ્યો છે કે અનાદિ અનંત સંસારમાં અનંત અનંત જીવોને સમ્યક્દર્શનની પ્રાપ્તિ નહિ હોવાથી અનંત દુઃખ ભોગવવું પડે છે. તેથી એમ સિદ્ધ થાય છે કે-સમ્યક્દ્દષ્ટિ જીવ ત્રણેય લોકમાં જ્યાં હોય ત્યાં આત્મસુખને ભોગવે છે અને અંતે નિર્વાણ પદના અનંત સુખને પ્રાપ્ત કરે છે.

**(અનુસંધાન પાના નં.૧૮ પર...)**